ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૭ ટકા

# સે-૬ના પોશ વિસ્તારમાં ધોળે દિવસે ઘરફોડ

## તસ્કરો અઢી કલાક માટે બંધ રહેલા બંગલાનાં તાળા તોડી અઢી લાખનાં દાગીના ઉઠાવી ગયા : બે માળનાં બંગલામાં બિન્દાસ્ત ફર્યા ને પાંચ તિજોરીઓ ફંફોસી : દાગીના ભરેલુ ડીઝીટલ લોકર આખુ ઉઠાવી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરનાં સે-૬ ખાતે એમ.એલ.એ ને ફળવાયેલા પ્લોટોમાં બંગ્લોઝ બનેલા છે. સે-૬ ના આ પોશ વિસ્તારમાં ઘણા આઈ.એ.એસ અધિકારીઓ તથા ધારસભ્યો રહે છે. ગાંધીનગર ઉત્તરનાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ પણ અહી રહે છે. આ વિસ્તારમાં વધુ એક ઘરફોડ ચોરી ધોળે દિવસે થતા ચકચાર મચી જવા પામી છે. સામા પાંચમે બપોરે અઢી કલાક માટે બંગલાને તાળુ મારીને એક નિવૃત્ત અધિકારીનાં પરિવારજનો ભાટ નદીએ ન્હાવા ગયા ત્યાં સુધીમાં તસ્કર ટોળકીએ તેમના બંગલાને ટાર્ગેટ બનાવી બંને માળમાં બિન્દાસ્ત ફરીને પાંચ તિજોરીઓ ફંફોસી નાંખી હતી અને અઢી લાખના દાગીના તથા રોકડનો મુદ્દામાલ ઉઠાવી ટોળકી રફ્ફુચક્કર થઈ ગઈ હોવાની ઘટના ધ્યાને આવી છે. બંગલામાલીકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે દિવસની ઘરફોડ અંગે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતોનુસાર સે-૬ સી પ્લોટ નં. ૮૩૧/એ ખાતે રહેતા અને એસ.બી.આઈ બેંકમાંથી ડે.મેનેજર પદેથી નિવૃત્ત થઈ હાલ ખાનગી કંપનીમાં નોકરી કરતા જીવણભાઈ ગૌતમભાઈ બારોટનાં બંગલાને તસ્કરોએ સામા પાંચમની બપોરે ટાર્ગેટ બનાવ્યુ હતુ. તે દિવસે જીવણભાઈ બારોટ ઓફીસે ગયા હતા અને બપોરે દોઢેક વાગ્યાનાં અરસામાં તેમના બે દિકરાઓ, પત્ની અને પુત્રવધુ બંગલાને તાળુ મારીને ભાટ ખાતે નદીમાં ન્હાવા ગયા હતા. ચારેક વાગ્યાનાં અરસામાં તેઓ ઘરે પરત ફર્યા અને જોયુ તો મકાનનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. નકુચો તુટેલી હાલતમાં હતો અને બંને માળનાં બધા રૂમોમાં સામાન વેરવિખેર પડ્યો હતો. અઢી કલાક બંધ રહેલા આ બંગલામાં તસ્કરો હાથફેરો કરીને ફરાર થઈ ગયા હતા. ચાર તિજોરીઓને ચાવીથી ખોલી અને એક તિજોરીની ચાવી ન મળતા તેનુ તાળુ તોડી સોના ચાંદીનાં દાગીના તથા રોકડ આશરે રૂ.૪૫ હજારની ચોરી કરી લીધી હતી. પુત્ર અને પુત્રવધુનાં બેડરૂમમાં એક ડીઝીટલ લોકર પડ્યુ હતુ જેમા તે બંનેનાં લગ્નમાં ખરીદેલા દાગીના મુકેલા હતા. આ આખેઆખુ લોકર પણ તસ્કરો ઉઠાવી ગયા હતા. અઢી કલાકમાં અઢી લાખની મત્તાની ચોરી કરી આ ગેંગ પલાયન થઈ ગઈ હતી. સે-૭ પોલીસે ગુનો નોંધી ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાતની ટીમ બોલાવી આસપાસના બંગલા બહાર લગાડેલા સીસીટીવી કેમેરાનાં ફુટેજ મેળવી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.



## ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા ડૉ. શંકરસિંહ રાણાનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૩૦

મધુર ડેરીને ગુજરાત ગૌરવ એવોર્ડ વિશ્વ ગુજરાતી પરિષદ દ્વારા ગુજરાતના વિકાસમાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ અને રાજયમાં ફેડરેશનમાં ૧૧મી વખત ૩૯ ટકાના ગ્રોથથી વિકાસ માટે તાજેતરમાં અમેરિકાના ન્યુ જર્સી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનિત થતાં જિલ્લાના સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલની આગેવાનીમાં ડૉ. રાણાનું આજે સન્માન કરી શાલ ઓઢાડવામાં આવી હતી.

આ પ્રસંગે સમાજના વિવિધ હોદ્દેદારો, આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા ત્યારે ડૉ. રાણાએ જણાવ્યું હતું કે આ એવોર્ડ મેળવનાર મધુર ડેરીએ ૩૯ ટકાનો વિકાસ દર એટલે ડબલ ડીજીટમાં દર હાંસલ કરતાં ડેરીના વિકાસની રૂપરેખા આપી હતી. તેમજ શુભેચ્છકોનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં નટુભા વાઘેલા, પ્રદિપસિંહ બિહોલા, રતનસિંહ વાઘેલા, બાવભા ચૌહાણ, જશુભા પરમાર, એસ.ડી. વાઘેલા, પ્રદીપસિંહ વાઘેલા, ભરતસિંહ બિહોલા, બી.ટી. વાઘેલા, રણજીતસિંહ ડાભી, જગદીશસિંહ વાઘેલા, પૃથ્વીસિંહ ચાવડા, ગુજારસિંહ ચાવડા, બાબુસિંહ વાઘેલા, વિનોદસિંહ રાઠોડે વગેરેએ તેમનું સન્માન કર્યું હતું. આ ઉપરાંત ડેરીના મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતા વિગેરેએ પણ તેમનું સન્માન કર્યુ હતું.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા સેકટર-૩૦ સરકારી શાળામાં કિવઝ સ્પર્ધા યોજાઈ

વિદ્યાર્થીઓમાં અભ્યાસની સાથે જીવનોપયોગી ઈતર પ્રવૃત્તિઓમાં રસ-રુચિ કેળવાય, એમનામાં રહેલી મૌલિક-સર્જનાત્મક શકિતઓને પ્રોત્સાહિત કરવા આત્મન ફાઉન્ડેશન દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવતી હોય છે. જે અંતર્ગત આજ રોજ સંસ્થા દ્વારા સે-૩૦ની સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે સામાન્ય જ્ઞાન ચકાસણી-કિવઝ સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પર્વો, મહાત્મા ગાંધીજી, દેશના રાષ્ટ્રભકતો, માનવીનું શરીર, શા માટે ભણવું જોઈએ વગેરે વિષયના વિવિધ પ્રશ્નો પુછી વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાન, ત્વરિત જવાબ આપવાની હોંશિયારી, વિષય જ્ઞાન વગેરેની ચકાસણી કરવામાં આવી



હતી. સાચા જવાબ આપનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. કિવઝ સ્પર્ધાના પ્રશ્નો એચ.બી. વરિયાએ પૂછયા હતા. આ ઉપરાંત ધો-૫, ૬, ૭માં પ્રથમ ક્રમે રહેનાર તેજસ્વી વિદ્યાર્થીઓ તથા સારી-શ્રેષ્ઠ વર્તણૂંક ધરાવનાર વિદ્યાર્થી, રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પણ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા કલ્પનાબહેન તથા આત્મન સંસ્થાના જયશ્રી ખેતિયા, પ્રજ્ઞા પટેલ, રણછોડભાઈ પરમાર, દિવ્યાબહેન વરિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના નૃત્યમાં પ્રવિણ બે બાળકોએ સુંદર નૃત્ય પણ રજૂ કર્યુંહતું.

## સે-૨માં ગણેશોત્સવના આયોજકોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં ગણેશોત્સવ સમાપનના તબક્કામાં છે. છેલ્લા સપ્તાહથી શહેરના ગણપતિ ઉત્સવમાં વિવિધ સાંસ્કૃતિક તથા મનોરંજક સાથે પ્રતિભા શોધ જેવા કાર્યક્રમોનો શહેરના શ્રધ્ધાળુઓ ભકિત સાથે આનંદ માણી રહ્યા છે. ગણપતિ ઉત્સવનું આયોજન વધુ રસપ્રદ બને તે માટે તેના આયોજકો પોતાના નોકરી-વ્યવસાયમાંથી સમય કાઢી રાતોના ઉજાગરા કરી કાર્યક્રમો સફળ બનાવવા જહેમત ઉઠાવે છે. શહેરમાં સે-૨ ખાતે આયોજિત ગણેશોત્સવના યુવા આયોજકોની જહેમત બદલ સ્થાનિક કોર્પોરેટર તથા અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સે-૨ ગણેશોત્સવ સમિતિની જહેમતને કારણે સેકટરના બાળકોને તેમનું ટેલેન્ટ પ્રદર્શિત કરવા મંચ મળ્યું તથા યુવા-વડીલોને ભકિતમય વાતાવરણ પ્રાપ્ત થવા પામ્યું હતું. સમિતિના કાર્યકરોએ અનેક દિવસોથી મોડી રાત્રિ સુધી જાગીને તથા સવારે વહેલા ઉઠીને ગણેશોત્સવને રસપ્રદ બનાવ્યો હતો. આ કારણે વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી પ્રમુખ વિક્રમભાઈ દેસાઈનું સન્માન કરાયું હતું. આ સાથે સમિતિના બાકીના ૧૪ સભ્યોનું પણ શાલ ઓઢાડી સન્માન કરાયું



હતું. આ પ્રસંગે વોર્ડ નં. ૮ના કોંગ્રેસના વોર્ડ પ્રમુખ રાજેશ પ્રજાપતિ ઉપરાંત મેહુલ સોલંકી, ઘનીભાઈ મન્સૂરી, અનિલ ચાવડા, ભાવીન પરમાર, મહેન્દ્ર ભરાડા અને વિનોદ મેણાત ઉપસ્થિત રહ્યા હતા.

## આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર)નો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૩૦

ખેલ મહાકુંભમાં સેકટર-૮ની આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર)ના વિદ્યાર્થી સંજય ગિરીશભાઈ જાદવએ ચેસમાં તાલુકા કક્ષાએ દ્વિતિય નંબર મેળવેલ છે. યોગાસન સ્પર્ધામાં મયંક મુકેશભાઈ મકવાણા તથા અમિતભાઈ સેનવાએ અનુક્રમે પ્રથમ અને તૃતીય નંબર મેળવેલ છે.

ચક્રફેંકમાં હાર્દિક રાઠોડ, નિલેશ વાણીયા, રાજકુમાર પરમારે પ્રથમ, દ્વિતિય અને તૃતીય નંબર મેળવેલ છે. બરછી ફેંકમાં ચિરાગ પરમાર, જયેશ સેનમા, ચેતન મકવાણા વિજેતા બનેલ છે. આચાર્ય આર.પી. જોષીએ તમામને અભિનંદન પાઠવેલ છે.

## સે-૩માં રાત્રીના સમયે થયેલા ભેદી ધડાકાથી નાગરીકોમાં ફફડાટ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૩ માં સવારના સમયે અચાનક જબરદસ્ત મોટો ધડાકો થયો હતો. આ ધડાકો શેનો થયો તેમજ કયાં થયો તે જાણવા સૌ કોઈ તત્પર બન્યા હતા. જયારે ભેદી ધડાકાને પગલે સેકટર-૩ અને સે-૪ ના વસાહતીઓમાં ભય ફેલાયો હતો.

ગાંધીનગર શહેરના નવા સેકટરમાં આજે સવારે અચાનક સવારના ૫ કલાકના અરસામાં અચાનક જોરદાર ધડાકો થયો હતો. ધડાકો એટલો તીવ્ર હતો કે વસાહતીઓ ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા.તો કેટલાક ઉંઘમાંથી સફાળા જાગી ગયા હતા. સોસાયટીઓમાં નાગરીકો એકત્ર થયા હતા. અને ધડાકાની દિશામાં ગયા હતા પરંતુ કંઈ જાણવા મળ્યુ નહોતું. જયારે કેટલાક નાગરીકો રેતીના ડમ્પરનું ટાયર ફાટ્યુ તો.. તો કેટલાક ગેસનો બાટલો ફુટ્યો તેમ કહેતા નજરે પડ્યા હતા. જયારે એક વ્યકિત ગાડી પલટી મારી ગઈ છે અને તેમા રહેલા ગેસની ટાંકી ફાટી છે. તેમ કહેતા હતા. જેટલા નાગરીકો તેટલી વાતો પરંતુ હજુ સુધી એકપણ વાતને સમર્થન સાંપડ્યું નથી. અ ધડાકો કેવી રીતે થયો શેનો હતો તે હજુ સુધી કોઈ જાણી શક્યું નથી. પરંતુ ધડાકાને પગલે સેકટર-૩ અને સે-૪ ના વસાહતીઓમાં ભય ચોકકસ ફેલાયો હતો. વહેલી સવારે ધડાકો થયો હોવા છતા કેટલાક નાગરીકો ઉંઘમાં હોવાથી તેઓને આટલી તીવ્રતાનો ધડાકો પણ અસર કરી શક્યો નહોતો. દરેક નાગરીક પોતાની રીતે તર્ક દોડાવતો નજરે પડતો હતો. ધડાકો કયાં અને કેવી રીતે થયો તે જાણવા સૌ કોઈ આતુર હતા.

# ગણેશોત્સવમાં દિવ્યાંગ બાળકોનો ટેલેન્ટ શો



ગાંધીનગર, તા.૩૦

સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨માં પાંચમા દિવસે આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની પ્રાથમિક શાળાના આર્થિક રીતે નબળા પરિવારના બાળકો, બ્લાઈન્ડ સ્કુલના બાળકો તેમજ દિવ્યાંગ બાળકોનો અનોખો 'ટેલેન્ટ શૉ' યોજવામાં આવ્યો હતો. જે જોઈ રંગમંચ ખાતે ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા દર્શકો ગદગદિત થઈ ગયા હતા. આ કાર્યક્રમનો હતુ સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પ્રોત્સાહિત કરી આર્થિક રીતે પગભર થઈ શકે તે હેતુથી તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાનો હતો.

આ ટેલેન્ટ શૉમાં ૧૧૦ જેટલા બાળકોએ ભાગ લઈ ગણેશ વંદના, ફેશન શૉ, સિંગિગ, તબલા, ક્રિશ્ના ડાન્સ, મારવાડી ડાન્સ, ટીપ્પણી ડાન્સ, પ્રાચીન ગરબો, ભરતનાટયમ, બોલીવુડ ડાન્સ જેવા વિવિધ વૈવિધ્યસભર કાર્યક્રમ રજુ કર્યા હતા. આ દ્વારા શ્રમજીવી પરિવારના બાળકોને સમાજ સાથે જોડાવાની તક મળી તેમજ નાગરિકોને પણ તે બાળકમાં રહેલી આગવી પ્રતિભા અને શકિતઓની ઓળખાણ થઈ.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસની આગેવાનીમાં આ કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું તેમજ આ કાર્યક્રમને દિપાવવા માટે જેફ વેઈન (બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશનરશ્રી) તેમના ધર્મપત્ની શ્રીમતી કેથલીન વેઈન તેમજ અમી રાણીંગા (પોલીટીકલ અને ઈકોનોમિકલ એડવાઈસર, બ્રિટીશ હાઈ કમીશન) હાજર હતા. તેઓ ગુજરાતની સંસ્કૃતિથી એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે એક તબક્કે તેઓ પણ મંચ પર આવી ગરબા રમતા ઝૂમી ઉઠયા હતા અને તેમણે આ ક્ષણોને ગુજરાતના અનુભવોની સૌથી યાદગાર ક્ષણ ગણાવી હતી. આ ગજોત્સવમાં બાળકોના પરફોર્મન્સથી પ્રભાવિત થઈ દર્શકગણએ સ્વયંભુ ઈનામોનો વરસાદ વરસાવ્યો હતો.

આ કાર્યક્રમને માણવા કનૈયાલાલ પંડયા (ગુજરાત બ્રહ્મસમાજના અગ્રણી), શંકરસિંહ રાણા (ચેરમેન મધુર ડેરી), આશિષભાઈ દવે (ચેરમેન, ગુડા), બારીયાજી (નાયબ કમિશનરશ્રી જીએમસી) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન આશાબેન સરવૈયાએ કર્યુ હતું. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા આપણું ફાઉન્ડેશનની ટીમ, સરકારી શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકો, ગાંધીનગરની દીકરીઓ અને બહેનો જેઓએ આ બાળકોના ટેલેન્ટ બહાર લાવવા તનતોડ મહેનત કરી હતી તેઓ તેમજ રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને મિતુલ જોશીએ કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપ્યું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**તરલ પિયુષકુમાર જોષી**

**ગાંધીનગર ગમે**

શહેરની ચારેબાજુ વનરાજી અને વનસ્પતિથી આહ્લાદક લાગે છે. ઉપરાંત મહાત્મા મંદિર, અક્ષરધામ તથા તમામ ધર્મનાં દેવસ્થાન હોવાથી નગરજનોમાં સર્વ ધર્મ સમભાવની ભાવના દેખાય છે.

**નગરજનો**

દર વર્ષે ભાદરવી પુનમ નિમિત્તે પગપાળા જતાં યાત્રાળુઓ માટે સેવાભાવી સંસ્થાઓ સંગઠિત થઈ મંડપો બાંધે છે. ગણેશ ચતુર્થી, નવરાત્રી દરમિયાન તેમજ પરશુરામ જયંતિ નિમિત્તે સંપ-સહકાર-શાંતિનું વાતાવરણ ગમે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

રૉટરી કલબ, લાયન્સ કલબ, સદવિચાર પરિવાર, જીવદયા જેવી સંસ્થા કુદરતી આફતોમાં લોકાભિમુખ સેવાઓ આપતી હોઈ મને પણ એવી જ સેવા કરવાનું ગમે. સેવા આપનાર સંસ્થાઓને પ્રણામ કરું છું.

**નગરને બહેતર બનાવવા**

મુખ્ય રસ્તાની બંને બાજુ તથા ફેન્સિંગમાં ભરાઈ રહેલી પ્લાસ્ટીકની કોથળીઓ અને ઘાસનો નિકાલ થવો જોઈએ. સ્વચ્છતા, પર્યાવરણમાં સુધારો લાવવો જોઈએ. રાત્રિના સમયમાં સલામતીનાં પગલાં લેવાય તો નગર બહેતર બને.

**નગર માટે હું કરી શકું**

નગરમાં બેફામ વાહન ચલાવનારને ધીમી રફતાર માટે વિનંતી કરું. ઍસટી, રેલવે યા બસમાં શિસ્તમાં રહી મુસાફરોને ભીડમાં મદદ કરું. સિવિલ હૉસ્પિટલમાં જઈ દર્દીઓની ખબર પૂછું અને અનુકૂળ મદદ પણ કરી શકું.

## @ગાંધીનગર

● સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા શ્રીજીની મૂર્તિનું ૩.૦૦ કલાકે વિસર્જન કરાશે. જેમાં પૂજા, આરતી અને ત્યારબાદ શોભાયાત્રા નીકળશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં સવારે ૧૧ કલાકે પૂજા-આરતી બાદ ગણેશ વિસર્જન કરાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં બપોરે ૨ કલાકે વિધિવત ગણેશ વિસર્જન કરાશે.

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા મહાકાળી મંદિર રાંધેજા ખાતે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ગણેશ મહોત્સવ પંડાલ સે-૮ ગાર્ડનમાં રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ઓગષ્ટ માસની માસિક સભા સાંજે ૫ કલાકે મળશે. આ સભામાં હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલા ઉપસ્થિત રહેશે.

● ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર પુરસ્કૃત અને સંસ્કાર આર્ટ ઍકેડેમી, મહેસાણા દ્વારા પ્રસ્તુત સ્વ. મણીલાલ પાગલ લિખિત અને રમેશ પાંચોટિયા દિગ્દર્શિત જુની ગુજરાતી રંગભૂમિનું સામાજીક નાટક 'ગરીબ કન્યા' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે, રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● સે-૨૨ના સાર્વજનિક ગણેશોત્સવમાં આપણું ફાઉન્ડેશન પ્રેરિત ગજોત્સવ માણવા પધારેલ બ્રિટિશ હાઈ કમિશનર દંપતિનું ભારતીય પરંપરા મુજબ ફુલના હાર પહેરાવી સ્વાગત કરાયું હતું. હજારીગલ અને ગુલાબના આ હારની ખુશ્બુ દંપતિને ખુબ પસંદ પડી જતા તેઓ વારંવાર તેની સુગંધ લેતા નજરે ચઢયા હતા.

## ખેલ મહાકુંભ યોગાસન સ્પર્ધામાં લીંબોદરાનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા.૩૦

કલોલ તાલુકાની ખેલ મહાકુંભ યોગાસન સ્પર્ધા બાલવા ખાતે યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૭માં ગોસ્વામી રિયા પ્રથમ સ્થાને જયારે અન્ડર-૧૪માં ઠાકોર પુનમ અને ભાઈઓમાં પટેલ ધ્રુવે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. જયારે ઠાકોર સ્નેહા અને ઠાકોર ઉમંગે જિલ્લા કક્ષાએ પસંદ પામી ગૌરવ વધાર્યું હતું. શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે સૌ ખેલાડીઓને તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણકુમાર ચંદુલાલ પ્રજાપતિ, ઉ.વ. ૪૮
- સ્વ. ઉત્તમભાઈ પ્રવિણભાઈ પટેલ, ઉ.વ. ૩૦
- સ્વ. અમરતજી ચૂંથાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. સમુબેન કેશાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. શારદાબેન જયંતિલાલ ચૌધરી, ઉ.વ. ૫૫
- સ્વ. જયશ્રીબા મોતિસિંહ રાજપુત, ઉ.વ. ૩૫
- સ્વ. જયાબોન દામોદર ઉપાધ્યાય, ઉ.વ. ૯૦
- સ્વ. કાળુજી છગાજી વાઘેલા, ઉ.વ. ૮૦